સામાજિક અને શૈક્ષણિકરીતે પછાત વર્ગના તબીબ સ્નાતકોને ડોકટર તથા કાયદા સ્નાતકોને વકીલાતનો સ્વતંત્ર વ્યવસાય શરૂ કરવા માટે લોન આપવાની યોજના.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃસશપ/૧૩૨૦૧૪/૬૮૪૯૯૯/અ
સચિવાલય,ગાંધીનગર.
તા. /૬/૨૦૧૫
19 JUN 2015

વંચાણે લીધા-

(૧) સમાજ કલ્યાણ વિભાગનો ઠરાવ ક્રમાંકઃસશપ/૧૧૯૭/ન.બા.૧૬/અ, તા.૧૧/૧૧/૯૮.

(૨) સામાજિક ન્યાય અને અધિકારીત વિભાગનો ઠરાવ ક્રમાંકઃસશપ/૧૧૯૭/ન.બા.૧૬/અ તા.૩/૯/૨૦૦૭.

(૩) નિયામકશ્રી વિકસતિ જાતિ કલ્યાણ ખાતાનો તા.૧૯/૯/૨૦૧૪નો પત્રક્રમાંકઃ વિજાક/જન/ડો-વ/૧૪-૧૫/૧૭૮૧

ઠરાવઃ-

રાજયના સામાજિક અને શૈક્ષણિકરીતે પછાત વર્ગના તબીબી સ્નાતકોને તબીબી વ્યવસાય માટે તથા કાયદા સ્નાતકોને વકીલાતનો સ્વતંત્ર વ્યવસાય શરૂ કરવા માટે લોન આપવાની યોજના આ વિભાગના વંચાણે લીધા ક્રમાંક(૧)માં દર્શાવેલ તા.૧૧/૧૧/૯૮ના ઠરાવથી અમલમાં છે.

વંચાણે લીધા ક્રમાંક (૨)માં દર્શાવેલ આ વિભાગના તા.૩/૯/૨૦૦૬ના ઠરાવથી કાયદા સ્નાતકોને મંજુર કરેલ લોન એક વર્ષ પછી માસિક રૂ.૭૦૦/- ના ૧૦ સરખા માસિક હપ્તામાં અને વ્યાજની રકમ દર છ માસ એટલે કે ૩૦ જુન અને ૩૧ ડીસેમ્બર સુધીના બે હપ્તાથી ભરપાઇ કરવાનું ઠરાવેલ છે.

વંચાણે લીધા ક્રમાંક(૩)માં દર્શાવેલ નિયામકશ્રી(વિ.જા)ના તા.૧૩/૪/૨૦૧૫ના પત્રથી કરેલ તબીબી વ્યવસાય માટે આપેલ લોનના હપ્તાની રકમમાં સુધારો કરવા અંગેની દરખાસ્ત સરકારની વિચારણા હેઠળ હતી. પૃખ્ત વિચારણાના અંતે તબીબી વ્યવસાય માટે આપવામાં આવતી રૂ.૪૦,૦૦૦/- ની લોનની હપ્તાની રકમ રૂ.૫૦૦/- ના ૮૦ હપ્તામાં વસુલાત કરવાની જોગવાઇમાં સુધારો કરી આ રકમ રૂ.૧,૦૦૦/- કરી તેની વસુલાત ૪૦ હપ્તામાં કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

આ બાબતમાં આ વિભાગના તા.૧૧/૧૧/૯૮ના ઠરાવમાંની અન્ય શરતો યથાવત રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૬/૬/૨૦૧૫ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે કરવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(કે.જી. વણઝારા)
અધિકસચિવ,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,

- માન. મંત્રીશ્રી(સા.ન્યા.) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧ ,સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક.મંત્રીશ્રી(સા.શ.પ.વ..) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨ ,સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ ખાતુ, ગુજરાત રાજય,ગાંધીનગર.
- ખાતાના સર્વે જિલ્લા નાયબ નિયામક/જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી(વિ.જા).
- નાણાકીય સલાહકારશ્રી,(સા.ન્યા.) સચિવાલાય,ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- અ.૧, ગ શાખા, સા.ન્યા.અ..વિ. ,સચિવાલય,ગાંધીનગર.
- સીલેકટ ફાઇલ શાખા/ના.સે.અધિ.શ્રી